# <u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ</u>

## <u>ઓ.એમ.આર શીટ ડાઉનલોડ કરવા બાબતે હેલ્પલાઇન અંગેની જાહેરાત</u>

જાહેરાત ક્રમાંક:-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા (ડાંગ, નર્મદા અને ગીરસોમનાથ) સિવાયના તમામ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ખાતે તા.૦૭/૦૫/૨૦૨૩ના રોજ યોજાયેલ છે. સદર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા પુર્ણ થયા બાદ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારોની ઉત્તરવહી (ઓ.એમ.આર શીટ) મંડળની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. ઓ.એમ.આર શીટ ડાઉનલોડ કરવા અંગેની વિગતવાર સૂચનાઓ મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ જો કોઇ ઉમેદવારની ઓ.એમ.આર શીટ ડાઉનલોડ ન થાય તો આવા ઉમેદવારોએ તેમના કોલલેટરની સ્કેન કોપી/ફોટો કોપી ઇ-મેઇલ- tcmomr@gmail.com ઉપર પોતાની રજુઆત સાથે મોકલી આપવા ઉમેદવારોને જણાવવામાં આવેલ છે. તેમ છતાં કોઇ ઉમેદવારને ઓ.એમ.આર શીટ ડાઉનલોડ કરવા બાબતે આનુષાંગિક પૂછપરછ માટે રાજ્યકક્ષાએ તા.૧૦-૦૫-૨૦૨૩ થી તા.૧૭-૦૫-૨૦૨૩ સુધી (કચેરી કામકાજના સમય દરમિયાન) ટેલીફોનીક હેલ્પલાઇન શરુ કરવામાં આવેલ છે. જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે. ઉપરોકત હેલ્પલાઇન ઉપર નિયત તારીખો દરમ્યાન કચેરી કામકાજના સમય દરમ્યાન પૂછપરછ કરી શકાશે.

<u>હેલ્પલાઇન નંબર:- (૧) ૮૭૫૮૮૦૪૨૧૨ (૨) ૮૭૫૮૮૦૪૨૧૭</u>

તા.૧૦-૦૫-૨૦૨૩